સૌની નિસબત

સલામત બાળપણ - સમૃધ્ધ બાળપણ

અંક : ૩ - જુલાઈ / ઓગષ્ટ -૨૦૧૮

શૈશવ

પરિવર્તનનું નેતૃત્વ બાળકો દ્વારા



" ધનથી નહીં, સંતાનથી પણ નહીં, અમૃતસ્થિતિની પ્રાપ્તિ માત્ર ત્યાગથી જ થાય છે "

**–સ્વામી વિવેકાનંદ**

## પશુઓની શાળા

એક સમયની વાત છે, જયારે પશ્-પક્ષીઓની પણ શાળા હતી. તેમણે એક સિલેબસ બનાવવાનો હતો જે બધાને ભણાવી બનાવી શકાય તેથી તેમણે ચાર વિષયો પસંદ કર્યા (૧) દોડવુ, (૨) ચડવું (૩) ઉડવું, અને (૪) તરવું અને દરેક પશુ-પક્ષીઓ માટે ચારેય વિષયો ભણવા ફરજિયાત હતા.

બતક તરવામાં ખુબ હાશિયાર, તેના શિક્ષક્થી પણ, ઉડવા અને દોડવામાં તે અવરેજ હતી, પણ ચડવામાં... ફેઈલ! તેના ચડવાના શિક્ષકે , તરવાનું છોડાવીને તે સમયમાં તેને ચડવાની પ્રેકટીસ કરાવી! થોડા સમય પછી તે તરવામાં પણ એવરેજ થઈ ગઈ, પણ શાળામાં તો એવરેજ હોવાનું ચાલે અને આ વાતની કાઈને ચિંતા ન થઈ સિવાય કે બતક!

ગરુડ તો નાટકબાજ હતો. તે ચડવાના કલાસમાં ઝાડની ટોચ પર સૌથી પહેલા પહોચી જતો, તેની રીત બધા કરતા અલગ હતી. આથી શાળા પૂરી થયે રોજ તેને ૫૦૦ વાર ‘ચિંટીગ કરવી ખોટી વાત છે.’ તેમ લખવુ પડતુ, તેને ઉડવાનું ખુબ ગમતુ પણ ભણવા માટે તે પણ છોડાવવામાં આવ્યુ!

રીંછ હંમેશા ફેઈલ! લોકો કહેતા કે તે ખુબ આળસું છે, ખાસ કરીને શિયાળામાં, પરંતુ તેના માટે શ્રેષ્ઠ સમય ઉનાળો હતો, અને ત્યારે તો શાળા બંધ રહેતી.

ઝિબ્રા વારંવાર શાળા માંથી રજા પાડે. તેના સાથી ઘાડાઓ તેના દેખાવને લઈને ખૂબ ચોડવતા, આથી તે ખુબ દુઃખી થઈ જતો!

દોડવાની રેસમાં કાંગારુ પહેલા નંબર આવે, પરંતુ જયારે તેના શિક્ષકે તેને તેના બાકી સહધ્યાયીની જેમ ચાર પગે દોડવા કહ્યું! ખુબ નિરાશ થઈ

માછલી સ્કુલથી કંટાળી ગઈ, કારણ કે તેના માટ તો દોડવું, ચડવું, ઉડવું અને તરવું એક બાબત હતી, અને તેણે શાળા છોડી દીધી.

ખિસકોલી ચડવામાં A ગ્રેડ લાવી, પરંતુ તેના ઉડવાના શિક્ષકે તેને ઉપર થી નીચેને બદલે નોચેથી મળ્યા ઉપર ઉડવાની પ્રેકટીસ કરાવી. તેના પગ પ્રેકટીસ કરી-કરીને સૂજી ગયા. તેને દોડવામાં C અને ચડવામાં D ગ્રેડ માન્ય શાળાના પ્રસાશન માટે મધમાખી સૌથી મોટો પ્રશ્ન હતી, તેથી તેમણે મધમાખી ને ડો. ઉલ્લુ પાસે ટેસ્ટ કરાવવા મોકલી ઊલ્લુ ડોકટરે જાહેર કર્યુ કે તેની પાંખ ઊડવા માટે ખૂબ નાની છે, તથા ખોટી જગ્યાએ છે. ઉલ્લ્ ડોકટરનો રિર્પોર્ટ મધમાખી સુધી પહોચ્યો નહી.અને તે ખુલ્લા આકાશમાં ઉડતી રહી... ઉડતી રહી.. અમે આવી કેટલીક મધમાખીઓને ઓળખીએ છીએ, અને તમે?

આ વાર્તાને વાંચીને તમને કેવું લાગ્યું? તમે આ વાતને તમારા જીવનના અનુભવો સાથ જોડી શકો છો?

બતક એ બાળક છે, જે ગણિતમાં સારો છે, પરંતુ અંગ્રેજીમાં ફેઈલ થાય છે, આથી જયારે બોજા બાળકો ગણિત ભણે છે, ત્યારે તેને અગ્રેજીના ટયુશન અપાય છે. તે ગણિતમાં તેનો હાથ ખોઈ બેસે છે, અને અંગ્રેજીમાં પણ માંડ પાસ થાય છે.

ગરુડ તે બાળક છે, જેને ‘ નાટકબાજ’ નુ નામ અપાયુ છે, કારણ કે તેની શીખવાની ‘પોતાની’ પધ્ધતિ છે, આ પધ્ધતિ ખોટી નથી પણ તે અલગ હોવાથી તેને ‘નાટક’ તરીકે જોવામાં આવે છે. અને તેને સજા અપાય છે.

રોછને કોણ નથી ઓળખતું ? એ બાળક જે શાળાની બહાર ઘણું સારુ કાર્ય કરે છે, ઈતર પ્રવૃતિમાં તેને રસ છે, આગળ છે, જે ભણવામાં પાછળ રહી જાય છે,

કાંગારું તે બાળક છે, જે વધુ ખંતથી મહેનત કરવાને બદલે નિરુત્સાહ થઈ જાય છે. જેનુ ભવિષ્ય ધૂંધળુ થયુ છે. કારણ કે તેની પોતાની આવડત માટે તેના વખાણ થતા નથી.

માછલી એવુ બાળક છે. જેને વિશિષ્ટ જરૂરીયાત છે, અને રોજીંદા કલાસમાં વધુ શોખી શકતી નથી.

ઝીબ્રા તે જાડું, ઊચું, નીચું, પાતળું/ચશ્માવાળું શરમાતું બાળક છે. જે શાળામાં પાછળ રહી જાય છે. તેની વિશિષ્ટતાને ઓળખવાના બદલે તેને પણ અસક્ષમ ગણી એકજ ઢાંચામાં શીખવવામાં આવે છે.

ખિસકોલીએ બાળક છે જે બતક ની જમ ‘ઠિકઠાક’ થવાને બદલે અસફળ બને છે.

મધમાખી એ બાળક છે જેને સમાજ ગોળ ખાનામાં ચોરસ આકાર જેવી માને છે. આ છતા, બધી મુશ્કેલીનો સામનો કરીને, જાતે પ્રેરિત થઈને આગળ વધે છે, જયારે બધાને એવુ લાગતું હતુ કે તે અસફળ થશે.

આ વાર્તા વાચીને મને એવું લાગે છે કે આ બાળકો અસફળ છે, કે આપણી શિક્ષણ વ્યવસ્થા?

મારી દૃષ્ટિએ દરેક બાળક ‘ચુનિક’ છે. તેની શોખવાની પધ્ધતિ, ઝડપ, રસ-રૂચિ અલગ છે, તેના મુલ્યો , દુનિયાને જોવાની પધ્ધતિ. તેની અંદરનો અવાજ, ક્ષમતાઓ, તેની અંદર પડેલી લવચિકતા અને શકિત ભેટ, તેની પર્સનાલીટી, તેના જીવન અનુભવો, તેનો પરિવાર સંસ્કૃતિ બધુ જ તેને યુનિક બનાવે છે.

આપણા હાથની પાંચ  આંગળી પણ સરખી નથી, દરેકને પોતાનુ સ્થાન છે.

આપણી શિક્ષણ વ્યવસ્થા બાળકની અંદર રહેલા ‘યુનિક’ ને તોડવાનું કામ કરી રહી છે. કેવી રીતે દિલ્હી ની A.C Chamberમાં બેઠેલા અધિકારીઓ જે બાળકને તેઓ ઓળખતા પણ નથી , તેના માટે શું સાચું છે તે નકકી કરી શકે ? આ તો મારી સમજની બહાર છે. આપણી શિક્ષણ વ્યવસ્થા ‘યુનિક’ બાળકોને બોબાઢાળ બનાવી રહી છે.

આના પગલે, તે પોતાના પરિવાર, સંસ્કૃતિથી જોડાયેલા રહેતા નથી, પોતે કઈ રીતે શોખે છે તે તેમને ખબર નથી. તેની અંદરની જિજ્ઞાસાવૃતિ ખતમ થઈ રહી છે, વર્ષો સુધી તેને કોઈ સાંભળતુ નથી કે સ્વીકારતુ નથી, અર્વોડ અને પનીશમેન્ટ વચ્ચે તેમની જિંદગી તોલાયા કરે છે. કુદરત અને મુકત રમતગમત સાથ તેઓ જોડાયેલા નથી. ત સતત મૂંઝાયેલા રહે છે. તેનુ આત્મસન્માન અને આત્મવિશ્વાસ ખોવાયેલા છે, પોતાને ઓળખવાનો તેની પાસે સમય જ નથી.

મને લાગે છે કે આપણી શિક્ષણ વ્યવસ્થા અને પધ્ધતિ માટે ઊડો વિચાર કરવાનો અને તેને ધરમુળ માંથી બદલવાનો સમય આવી ગયો છે.

શું તમે આ પ્રયોગમાં અમારી સાથ છો?

(સૌજન્ય વાર્તા : Raising Small soul.com video ના પર થો ઈશા શેઠ દ્વારા)



# Sus... Sustainability

વૈશ્વિક તાપમાન, વાતાવરણમાં બદલાવ, પર્યાવરણીય સાતત્યતા મારી માટે મોટા શબ્દો હતા. ગુજરાતનાં મીડલ મધ્યમવર્ગ પરિવારની 17 વર્ષની છોકરી તરીકે મને અમુક વસ્તુઓ વિશે ખ્યાલ હતો, પણ વધુ નહી. મને ખબર હતી કે મારે લાઇટ, પંખા બંધ કરવા જોઇએ, પણ શા માટે તે ખબર ન હતી.

હું જયારે સ્વરાજ યુનિવર્સિટી ગઇ ત્યારે 'રિથિંકીંગ ડેવેલેપમેન્ટ' નામના વર્કશોપ માંથી પસાર થઇ. આ આઠ દિવસ મારી આખી જિંદગી બદલવાના હતા. આ વર્કશોપમાં અત્યારના 'વિકાસ' ને સવાલ કરવામાં આવ્યા. ઓહ! મારા જીવનમાં એક મોટો આંચકો આવ્યો. કારણ કે મે હંમેશા સાંભળેલુ, "આપણે વધુ વિકાસ કરવાનો છે, કારણ કે આપણે વિકાસશીલ દેશ છીએ, આપણે અમેરીકાની જેમ વિકાસ કરવાનો છે."

આ વર્કશોપ દ્વારા મારી ઘણી માન્યતા સામે પ્રશ્નાર્થ ચિહ્ન મુકાયા, અને મારી ઘણી માન્યતા તુટી.અચાનક જ દુનિયાની ઘણી બધી વસ્તુઓ મને સમજાવા લાગી અને સાથે ઘણી વસ્તુઓ મને બિલકુલ સમજાઈ નહી.મને સમજાયુ કે કઇ રીતે શિક્ષણ, કંપની (કોર્પોરેશનસ) અને સરકાર આ વિકાસ માટે જોડાયેલ છે, પરંતુ હું એ ન સમજી શકી કે, આપણે સામાન્ય બુદ્ધિ ભૂલીને આપણા જ પગ પર શા માટે કુહાડી મારી રહયા છીએ ?

એ આઠ દિવસ બાદ મે મારી જાતે પણ કેટલુંક સંશોધન કર્યુ, જેણે એક પ્રોજેકટનું પણ રૂપ લીધુ છે, "લાઈફ બિયોન્ડ ડેવેલોપમેન્ટ" જે એક મિત્રની સાથે રહી ને શરૂ કર્યો.

અમારૂ ફેસબુક પેજ જરૂર ચેક કરજો :www.facebook.com/beyond development

ચિંતા ન કરો ! વધુ કંટાળો ન આપતા હું પહેલો લેખ રજુ કરુ છુ.

મે અત્યાર સુધી ઘણી વાત કરી, હવે કામ કરવાની વારી તમારી.

- એવી ત્રણ જગ્યા વિશે વિચારો જેને તમે વિકસીત માનતા હોય.
- એવી ત્રણ જગ્યા વિશે વિચારો જેને તમે અવિકસીત માનતા હોય.

હવે મને કહો, એક સ્વસ્થ અને ખુશ જીવન જીવવા માટેની કઇ જરૂરીયાતો છે?

શું તે પૌષ્ટિક ભોજન, ચોખ્ખુ – તાજુ પાણી, ચોખ્ખી હવા અને સામૂહિક જીવન છે?

શું તમે જે જગ્યાઓને વિકસીત માનો છો ત્યાં તે ઉપલબ્ધ છે.

શું તમે શહેરમાં રહો છો, અને કહો છો કે, તમને પૌષ્ટિક આહાર, ચોખ્ખી હવા અને પાણી મળે છે. તમને પાક્કી ખાતરી છે? તો 'વિકાસ' એટલે શું? સફળતા એટલે શું? આપણે બધા દેશ અથવા દુનિયા તરીકે વિકાસની સમાન વ્યાખ્યા પર કેવી રીતે પહોંચ્યા ? આપણને આપોઆપ વિકાસ એટલે સારા મોટા રસ્તા, મોટી ઈમારતો અને સેન્ટ્રલ AC કેમ લાગે ?

એવું કહેવાય છે કે બીજા વિશ્વયુદ્ધ પછી અમેરીકી રાષ્ટ્રપતિ હેરી.એસ.ટ્રુમેને કહ્યુ કે," આપણે અમેરીકામાં વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક વિકાસ કરવાનો છે, જેથી અવિકસીત દેશો સુધરી શકે અને તેનો વિકાસ થાય". આ એક વાકયથી તેમણે વિશ્વને વહેંચી દીધુ.

પરંતુ આપણે આ વિકાસ કરશું કેવી રીતે? ખુબ સરળ છે મોટા પ્રમાણમાં ઉત્પાદન અને એસેમ્બલી લાઇન ટેક્નીકથી ! બીજો સવાલઃ આપણે ઉત્પાદન તો વધાર્યુ, પરંતુ જો લોકો તેને ખરીદશે નહી તો ચાલશે? મુર્ખ સવાલ છે, ખરું ? લોકો ખરીદે તે તો આપણી જરૂરીયાત છે,પરંતુ કેવી રીતે?

હમમ.... લઘુતા ગ્રંથીના ઉપયોગ વડે, લોકો ને વિચારવા પ્રેરવા કે તેમની જીવનશૈલી વિકસીત નથી. તમે જેટલો વધુ ઉપભોગ કરશો, તેટલા વધુ વિકસીત બનશો. UN, IMF,WB નક્કી કરે છે કે કોણ વિકસીત છે અને કોણ નથી !

પરંતુ તેમાં શું પ્રોબ્લેમ છે, એવુ તમે પુછો છો ? આપણે એક ઉદાહરણ લઈએ આપણા બધા વડે એક ઓરડો ભરાયેલ છે, હું બાસ્કેટ બોલ રમવામાં શ્રેષ્ઠ છું, તેની નિષ્ણાંત છું, તેથી જાહેર કરુ છુ કે જે સૌથી શ્રેષ્ઠ બાસ્કેટબોલ રમે તે સૌથી હોશિયાર છે. જે રમવામા શ્રેષ્ઠ નથી તે બધા મુર્ખ છે! પરંતુ, બાસ્કેટ બોલ રમવા સિવાયના ગુણોનું શું? કેવી રીતે કહી શકાય કે વૈજ્ઞાનિક અને ઓદ્યોગિક પ્રગતિ જ વિકાસ નો એક માત્ર રસ્તો છે? દુઃખની વાત છે કે, લોકોએ આ વ્યાખ્યા સ્વીકારી લીધી છે, અને પોતાને નીચા પણ ગણે છે ! આપણે આપણો વિકાસ GDP (કુલ ઘરેલુ ઉત્પાદન) આંકી છીએ, GDP ની વ્યાખ્યા થોડી સરળ રીતે સમજીએ તો, ઉત્પાદન અને ઉપભોગ જેટલો વધે તેટલુ GDP વધે, જો હું ઝાડ નીચે શાંતિ થી બેસું, તો GDP ના વધે! તેને કાપી ને વેચું તો વધે ! વધુ એક ઉદાહરણ જો હું સ્વસ્થ રહુ તો GDP ને કંઇ ન થાય, પરંતુ જો હું માંદી પડુ, અને ડોકટર પાસે જાઉ અથવા દવા લઉ તો GDP વધે ! વધુ પ્રદુષણ – વધુ GDP.. ચોંકી ગયા? અને આપણે બધા દેશ ની GDP વધારવા માટે કેન્દ્રિત છીએ. GDP સામાજિક કે પર્યાવરણીય પ્રોબ્લેમ ધ્યાનમાં લેતુ નથી, તે ફકત પૈસા જ ગણે છે !

<u>ચાલો ! એક વાર્તા કહું :</u>

એક વખત એક વેપારી તેના માલ સાથે એક જગ્યા એથી બીજી જગ્યાએ મુસાફરી કરી રહયો હતો. તેની પાસે ઘણા ચાલક અને ઊંટ હતા. એક રાત્રે તેઓ એક ગામ પહોંચ્યા અને ત્યાં જ રાતવાસો કરવાનો નક્કી કર્યુ, તેણે ચાલકો ને ઊંટ બાંધી ને સુઇ જવાનું કહ્યુ, તેવામાં એક ચાલકે વેપારી ને આવી ને કહ્યુ કે : "ઊંટ ને બાંધવાના પુરતા ખુંટા નથી." તેને ડર હતો કે ઊંટ ભાગી જશે. વેપારી એ તેને કહ્યુ કે જઇ ને એવો અભિનય કર જાણે તું તેને બાંધતો હોય, તે ભાગશે નહી ! ચાલક આ બાબતે શંકાસ્પદ હતો, પરંતુ તેણે વેપારી એ કહ્યુ તેમ કર્યુ.બીજી સવારે જયારે તે ઉઠયો ત્યારે જોયુ કે, ઊંટ ભાગ્યુ ન હતું ! તેને ખુબ આશ્ચર્ય થયુ. થોડીવાર પછી જયારે બધા નીકળવા તૈયાર થયા ત્યારે તે ફરી થી વેપારી પાસે ગયો, અને કહ્યુ કે ઊંટ આગળ વધતુ ન હતું. વેપારી એ તેને કહ્યુ કે " શું તે છોડવાનો અભિનય કર્યો? " ચાલક ને કંઇ સમજાયુ નહી, કારણ કે ઊંટ તો કયારેય બંધાયેલુ હતું જ નહી. વેપારી એ તેને સમજાવ્યો કે ઊંટ ને તો એવું હતુ કે તે બંધાયેલુ જ છે, તેથી તે ભાગી ન ગયું, અને તેને હજી પણ એવું જ લાગે છે, તેથી તારે તેને છોડવાનો અભિનય કરવો પડશે.ચાલકે જઇ ને ઊંટ છોડવાનો અભિનય કર્યો તો ઊંટ તરત ચાલવા માંડયુ !

શું આપણે બધા આ વાર્તાના ઊંટ જેવા થઇ ગયા છીએ, જે સવાલો પુછતું નથી?

આ વખત માટે આટલુ જ, વધુ આવતા અંકે...

(ઈશા શેઠના બ્લોગમાંથી)

## ચાઈલ્ડ લાઈન

જુલાઈ ૨૦૧૮ દરમ્યાન થયેલ પ્રવૃતિઓની સંક્ષિપ્ત માહિતી નીચે મુજબ છે.

- આ મહિના દરમ્યાન ભાવનગર શહેરની ૨૦ શાળાઓની મુલાકાત લઈ ૬૩૦ વિદ્યાર્થીઓ અને ૨૪૪ શિક્ષકોને ચાઈલ્ડ હેલ્પ લાઈનની પ્રવૃતિઓની મહિતી આપવા ઉપરાંત પત્રિકા વિતરણ કરવામાં આવ્યું હતું.
- આ ઉપરાંત શહેરની ૧ આંગણવાડીના ૩૨૦ બાળકો સાથ બાળ પ્રવૃતિઓનુ આયોજન કરી ચાઈલ્ડ હેલ્પ લાઈન વિષે માહિતી આપી હતી
- શહેરમા આવેલ હોસ્ટેલની પણ મુલાકાત લવામાં આવે છે. આ મહિને ૨ ગર્લ્સ હોસ્ટેલની મુલાકાત લઈ ૧૨૦ બહેનો તથા ૩ ગ્રુહમાતાની માહિતી આપી હાતી.
- ભાવનગર શહેરમાં આંગણવાડી કાર્યકર અને સુપરવાઈઝરની ૪ મીટીંગમાં ઉપસ્થિત રહીને ચાઈલ્ડ હેલ્પ લાઈનની કામગીરીની માહિતી આપવા ઉપરાંત પત્રિકા વિતરણ કરી હતી જેમા ૨૩૨ બહેનો ઉપસ્થિત હતા.
- આ મહિના દરમ્યાન કાળીયાબીડ અને રજપુતવાડા સુભાષનગર વિસ્તારોમાં ઓપન હાઉસ યોજવામાં આવેલ આ કાર્યક્રમ દરમ્યાન ઉપસ્થિત બાળકો સાથ જીવન કૌશલ્યના મુદ્દાઓ અલગ અલગ રમતના માધ્યામથી શીખવવા ઉપરાંત તેઆને કેવા પ્રકારની મુશ્કેલીઓ-જીવવાના પ્રશ્નો છે વગેરે અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ ૨ ઓપન હાઉસ દરમ્યાન ૮૧ બાળકો તથા ૩૨ વાલીઓ ઉપસ્થિત રહયા હતા.
- આ મહિના દરમ્યાન ફોન દ્વારા ૧૬ કેસ તથા અન્ય ૬ કેસ મળીને કુલ ૨૨ કેસ કાઉન્સલીંગ માટે, શેલ્ટર અંગે, બાળમજુરી, ભીક્ષાવૃતિ તથા કાળજી અને રહેઠાણ અંગેના આવ્યા હતા. જેમાંથી ૧૫ કેસ અન્ય વ્યવસ્થા તંત્ર અને સરકાર સાથ સંકલન કરી નિરાકરણ કર્યુ હતું જયારે ૫ કેસા ના નિરાકરણ અંગે ફોલોઅપ ચાલી રહયું છે.

ઓગષ્ટ ૨૦૧૮ દરમિયાન મુખ્યત્ત્વે નીચે મુજબની પ્રવૃત્તિ કરવામાં આવો હતી.

- આ મહિનામાં ચાઇલ્ડ હેલ્પલાઇન-૧૦૯૮ના પ્રચાર-પ્રસાર માટે ભાવનગર શહેરની ૧૦ સ્કૂલોની મુલાકાત લેવામાં આવી હતી અને આ જુદી જુદી સ્કુલોના ૩૩૯૨ વિદ્યાર્થી, ૧૨૩ શિક્ષક અને સ્કૂલના આચાર્યને ચાઇલ્ડ હેલ્પલાઇનની માહિતી આપવામાં આવી હતી.
- આ ઉપરાંત ચાઇલ્ડલાઇન ટીમ દ્વારા ભાવનગર શહેરની અલગ-અલગ ૧૧ આંગણવાડીની મુલાકાત લેવામાં આવી હતી અને આંગણવાડીના કાર્યકર તથા હેલ્પર બહેનોને ચાઇલ્ડ લાઇન અંગેનું માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું. આંગણવાડીમાં આવતા ૩૬૭ બાળકોની સાથ વિવિધ રમતો પણ રમાડવામાં આવી અને બાળકોના ૧૧૮ વાલીઓ સાથ મીટીંગ કરી ચાઇલ્ડલાઇનની માહિતી આપવામાં આવી હતી.
- ચાઇલ્ડ હેલ્પલાઇન દ્વારા ૧૦૯૮ના પ્રચાર પ્રચારના હેતુ યોગ્ય ટીમ મેમ્બરો ભાવનગરના નાળીયેરવાળી વખાર, હાદાનગર, મચ્છીવાડા, વાલ્કેટગેટ વિ.ના જુદા જુદા વિસ્તારોમાં જઇને આઉટરિચ કરવામાં આવ્યું હતું. આ વિસ્તારોમાં સ્ટીકરો તથા બેનરો લગાડવામાં આવ્યા હતા અને પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- વિસ્તારમાંથી ૨૭ કોમ્યનીટી મિટીંગ કરી ૪૨૭ જેટલા વ્યક્તિઓને ચાઇલ્ડલાઇનની માહિતી આપવામાં આવી હતી.
- આ ઉપરાંત હલુરિયા ચોક, ટેકરી ચોક, ડો.વાળાના ક્લિનીક પાસે અલગ અલગ વિસ્તારોમાં ૫ ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૪૮ બાળકોન અલગ અલગ રમતો રમાડી હતી અને તેના કોઇ પ્રશ્નો હોય તો તે જણાવવા માટે કહેવામાં આવ્યું હતું. બાળકોના કોઇ મોટા પ્રશ્નો ન હતા. ઓપન હાઉસમાં ૮૧ જેટલા વાલીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા અને ચાઇલ્ડ લાઇનની જાણકારી આવી હતી.
- ઓગષ્ટ મહિનામાં ૨ નાઇટ આઉટરિચ કરવામાં આવ્યા. જેમાં ૧૮ જેટલા વિસ્તારોને આવરી લીધા હતા.

- ઓગષ્ટ મહિના દરમ્યાન ચાઇલ્ડ હેલ્પ લાઇન ૧૦૯૮ને કુલ ૩૪ કેસ નોંધાયા હતા જેમાંથી ૭ કેસ આઉટરિચ દરમ્યાન નોંધાયા હતા અને ૨૫ જટલા કેસ ૧૦૯૮ના ફોન દ્વારા નોંધાયેલા હતા. આ કેસોમાં મુખ્યત્ત્વે અજાણ્યા બાળકો મળી આવવા અંગે, બાળકો ખોવાઇ ગયા અંગે, સિંગલ પેરેન્ટસ યોજના અંગે, પાલક માતા-પિતા યોજના અંગે, બાળમજૂરીના અને બાળકોના શારિરીક અથવા માનસિક શોષણ અંગે તથા ચાઇલ્ડ મેરેજનો કેસ પણ નોંધાયેલા હતા.
- ઓગષ્ટ મહિના દરમ્યાન ચાઇલ્ડ હેલ્પ લાઇન દ્વારા ૧૭ CPC (ચાઇલ્ડ પ્રોટેકશન કમિટિ) મિટીંગ જુદા જુદા વિસ્તારોમાં કરવામાં આવી હતી. જેમાં બાળકોને લગતા પ્રશ્નોની અને તેના ઉપાયો અંગેની ચર્ચા કરી હતી. જેમાં મુખ્યત્ત્વે નીચે પ્રમાણેના પ્રશ્નો આવ્યા હતા.
    - બાળકો વ્યસન કરે છે. તેમને કેમ વ્યસન છોડાવવા ?
    - સ્કૂલની બહાર ગટર ઊભરાય છે તો શું કરવું ?
    - વિસ્તારમાં રસ્તા ન હોવાથી બાળકોને તકલીફ થાય છે તો તેના માટે કોને મળવું…વગેરે.



- તા. ૭ જુંલાઈ, રવિવારના રોજ જનપથ, સર્વોદય પરિવાર મંડળ અને ગુજરાત વિદ્યાપીઠના ઉપક્રમે અમદાવાદમાં યોજાયેલ ઈન્કમટેક્ષ, એફસીઆરએ અને જી એસ ટી કાયદાના ફેરફારો અને અસરો અંગેના વર્કશોપમાં શૈશવમાંથી આશિષભાઈ અને ફાલ્ગુનભાઈ ઉપસ્થિત રહયાં હતાં.
- તા. ૧૦ જુલાઈના રોજ શ્રી નંદકુંવરબા મહિલા કોલેજ, એમ એસ ડબલ્યુ વિદ્યાર્થી બહેનોના ઓરીએન્ટેશન કાર્યક્રમમાં સમાજ કાર્ય એટલે શું? તેના અંગે શૈશવમાંથી ફાલ્ગુનભાઈએ વાર્તાલાપ આપ્યો હતોં.
- જીવનવિદ્યા પરિચય શિબિર ૧૭ જુલાઈના રોજ અમદાવાદમાં યોજાઈ તેમા શૈશવમાંથી પારૂલબહેન, ફાલ્ગૂનભાઈ અને અલ્પેશભાઈ સહભાગી થયા હતા.
- સેવા-રૂરલ સંસ્થા, ઝઘડિયાની વાર્ષિક સાધારણ સભા ૨૧, ૨૨ જુલાઈના રોજ ઝઘડીયામાં યોજાયેલ તેમા ફાલ્ગુનભાઈ ઉપસ્થિત રહ્યા હતાં.
- અઝીમ પ્રેમજી યુનિ. બેંગ્લોરના વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ અનુભવ માટે વિવિધ સંસ્થાઓમાં પ્લેસમેન્ટ માટે જતા હોય છે. તે પૂર્વે પ્લેસમેન્ટ અને કાર્યોને વિદ્યાર્થીઓ યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજે તે માટે તા. ૧૮ જુલાઈના રોજ યોજાયેલ વર્કશોપમાં સેવા-રૂરલના પ્રતિનિધિ તરીકે પારૂલબહેન વાર્તાલાપ આપ્યો હતો.
- ભૂજ, કચ્છથી શ્રી નાઝીરભાઈ બાલસેના કાર્યને જાવા-સમજવા ૨૮-૨૯ જુલાઈના રોજ શૈશવની મુલાકાતે આવ્યાં હતા.

**શૈશવ દ્વારા અન્ય સંસ્થાઓને તાલીમ**

- ૩૦ જુલાઈના રોજ શિશુવિહાર બાલમંદિરના વાલીઓ સાથ યોજાયેલી મીટીંગમાં શૈશવમાંથી પારૂલબહેને ઉપસ્થિત રહી વાર્તાલાપ આપ્યો હતો.
- તા ૭ જુલાઈના રોજ સેવા હાઉસીંગ સંસ્થા, અમદાવાદની કિશોરીઓને સ્વરક્ષણ અંગેની વેનલીંડો તાલીમ શૈશવના કાર્યકરો દક્ષાબહેન અને ઈશાબહેને આપી હતી. આ તાલીમમાં ૩૦ કિશોરીઓ જોડાઈ હતી.
- ભાવનગર શહેરની પ્રતિષ્ઠિત સંસ્થા શ્રી આર.ડી.ગાર્ડી ભાવનગર સ્ત્રી કેળવણી મંડળ સંચાલિત શ્રી ન.ચ ગાંધી કુમારી મંદીરનાં ધો. ૭ અને ધો. ૮ ની વિદ્યાર્થીનીઓ સાથ તારૂણ્યવસ્થાના શારિરીક માનસિક, ભાવનાત્મક ફેરફારો, સ્વરક્ષણ, સક્ષમતા અને આત્મવિશ્વાસ અંગેની નિયમિત તાલીમના ભાગરૂપે પ્રથમ શિબિર તા.૧૨-૧૩ અને ૨૬-૨૭ જુલાઈના રોજ યોજાઈ હતી. આ તાલીમમાં લગભગ ૨૫૦ કિશોરીઓ જોડાઈ હતી. આ તાલીમ શૈશવના કાર્યકરો, માનસીબહેન, વિભાબહેન, અવનીબહેન, દક્ષાબહેન અને ઈશાબેન દ્વારા આપવામાં આવી હતી.
- સેવા-રૂરલ સંસ્થા, ઝઘડિયા(જિ.ભરૂચ)ના વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્રના વિદ્યાર્થીઓને દર વર્ષે જીવનના કૌશલ્યો જેવા કે સ્વ ઓળખ, નિર્ણય કરવો, ટીમ બિલ્ડીંગ, નેતૃત્વ વિકાસ, આંત્રપ્રીનયરશીપ જેવા મુદ્દાઓ અનેકવિધ એકસરસાઈઝના માધ્યમથી શૈશવ દ્વારા તાલીમ આપવામાં આવે છે. આ અનુસંધાનમાં નવું શૈક્ષણિક સત્ર શરૂ થતા ૧૨-૧૩ અને ૧૪ જુલાઈના રોજ સ્વઓળખ અને એકમેકને ઓળખો, કૌશલ્ય માપન અંગેની તાલીમ શૈશવમાંથી ફાલ્ગુનભાઈ, અલ્પેશભાઈ અને ગૌતમભાઈ દ્વારા વીજીટીકેના સ્ટાફને આપવામાં આવી અને તેઓના દ્વારા ૧૫૨ ઉપરાંત વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.
- ૧૭ જુલાઈના રોજ શ્રી નંદકુંવરબા મહિલા કોલેજના એમ.એસ. ડબલ્યુ. અભ્યાસક્રમની વિદ્યાર્થીનીઓ શૈશવ સંસ્થાની મુલાકાત લઇ સંસ્થાની પ્રવૃતિઓ-કાર્યક્રમો વિષે માહિતી મેળવી હતી.
- શૈશવ સંસ્થાની પ્રવૃતિઓ-ખાસ કરીને બાલસેના કાર્યક્રમની વિશિષ્ટતાઓને ધ્યાનમાં લઇ દૂરદર્શનનાં 'બેટર ઈન્ડીયા કાર્યક્રમ હેઠળ દર્શાવવા માટે દૂરદર્શનના પ્રતિનિધિશ્રી કેતનભાઇ રાજપરાએ સુંદર જહેમત ઉઠાવી અનેકવિધ કાર્યો-પ્રવૃતિઓ અને બાળકોને ફિલ્ડમાં મળી ચારેક દિવસ શુટીંગ કર્યુ હતું. આ કાર્યક્રમ આપ નીચે જણાવેલ લીંક પર જોઇ શકશો.
  (https://youtu.be/bWGAvTZd2Cg)

- શિક્ષાંતર આંદોલનના ઉપક્રમે મલ્ટીવર્સીટી નેટવર્કની મીટીંગ ૯ થી ૧૧ ઓગષ્ટ દરમ્યાન ઓએસીસ ચાણોદમાં યોજાઇ હતી. જેમાં શૈશવમાંથી પારૂલબહેન સહભાગી થયા હતા.
- કિશોરીવસ્થામાં થતાં શારીરિક, માનસિક અને ભાવનાત્મક ફેરફારો તથા સ્વરક્ષણ સલામતી અંગેની વિશેષ તાલીમ શહેરની શ્રી ન.ચ. ગાંધી મહિલા વિદ્યાલયમાં શૈશવ દ્વારા આપવામાં આવી રહી છે. તેના અનુસંધાનમાં ધો.૭ અને ૮ ની ૨૫૦ ઉપરાંત કિશોરીઓને ૯-૧૦ અને ૨૩-૨૪ ઓગષ્ટ દરમ્યાન તાલીમ આપવામાં આવી હતી.
- સર્વોદય પરિવાર, ખડકીના ધો. ૧ થી ૫ના બાળકો સાથ શૈશવ દ્વારા નિયમિત તાલીમ યોજવામાં આવી રહી છે, ઓગષ્ટમાં તા.૧૬-૧૭-૧૮ દરમ્યાન ૧૧૦ બાળકો સાથ શૈશવમાંથી માનસીબેન, ગૌતમભાઇ, જલ્પાબહેન અને વનિતાબહેન દ્વારા તાલીમ આપવામાં આવી હતી.
- દિપક ફાઉન્ડેશન વડોદરા સંચાલિત સમાજ સુરક્ષા સંકુલ ચીલ્ડ્રન હોમના ૨૫ કાર્યકરો સાથ તા.૨૮ અને ૨૯ ઓગષ્ટના રોજ બાળ અધિકારો અંગેની તાલીમ શૈશવમાંથી ફાલ્ગુનભાઇ અને અલ્પેશભાઇએ આપી હતી. આ સંસ્થા સાથ હવેથી નિયમિત તાલીમો યોજાતી રહેશે.
- શૈશવ દ્વારા નિયમિત તાલીમના ભાગરૂપે સેવા રૂરલ ઝઘડિયાના વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્રના કાર્યકરો સાથ ૩૦-૩૧ ઓગષ્ટના રોજ જીવન કૌશલ્યો - નેતૃત્વ, ટીમવર્ક, ઉદ્યોગ સાહસિકતા અંગે તાલીમ યોજાઇ હતી અને તેઓના દ્વારા ટેકનીકલ સેન્ટરના ૧૫૪ તાલીમાર્થીઓ સાથ તાલીમ કરવામાં આવી હતી.
- ૧૨ ઓગષ્ટના રોજ વડોદરા ખાતે શૈશવના નવા કાર્યક્રમ 'આરણ્યક' અંગેની વિશેષ ચર્ચા શિક્ષાંતર આંદોલન, ઉદેપુરના શ્રી મનીષ જૈન સાથ યોજવામાં આવી હતી.

**શૈશવ સંસ્થાના કાર્યકરોની તાલીમ**

- કિશોરાવસ્થા દરમ્યાન થતાં શારીરિક, માનસિક અને ભાવનાત્મક ફેરફારો અંગે કિશોર-કિશોરીઓનું ક્ષમતાવર્ધન અને સ્વરક્ષણ અંગેની તાલીમ ૭ અને ૧૪-૧૫ જુલાઇના રોજ સંસ્થાના કાર્યકરોને પારૂલબહેન વારા આપવામાં આવી હતી.
- ૩૧ જુલાઇના રોજ બચપન બચાવો આંદોલન દ્વારા અમદાવાદ ખાતે યોજવામાં આવેલ. બાળકોમાં કાયદા અંગેની તાલીમ શિબિરમાં ચાઇલ્ડલાઇનમાંથી દિપાલીબહેન તથા અનિરૂધ્ધભાઇએ ભાગ લીધો હતો.
- તા.૨૭ ઓગષ્ટના રોજ શૈશવના કાર્યકરો માટે સમસ્યા ઉકેલ, ધ્યેય નક્કી કરવું જેવા મુદ્દાઓ પર આંતરિક તાલીમ શૈશવમાંથી ઈશાબહેન અને અલ્પેશભાઇએ આપી હતી.





## બાલસેના

- જુલાઈ માસ દરમ્યાન બાલસેનાનું વિસ્તરણ કરવામાં આવ્યું અને શહેરના નવા આઠ વિસ્તારો તથા આઠ શાળાઓમાં કાર્ય શરૂ કરવામાં આવ્યું, આમ ૨૧ વિસ્તારોમાં કાર્ય ચાલી રહયું છે, અને ૭૪૫ બાળકો બાલસેનાના સભ્ય છે.
- આ માસ દરમ્યાન બાળકો 'બાળ અધિકાર'ને સમજી શકે તે માટે ખાસ વિકસાવેલ બાળ અધિકારની રમતો દ્વારા ૨૭૨ બાળકો સાથ બાળમેળા પધ્ધતિ દ્વારા તાલીમ યોજવામાં આવી હતી.
- કિશોરાવસ્થામાં થતા શારિરિક, માનસિક અને ભાવનાત્મક ફેરફારોને ધ્યાનમાં લઈ કિશોર-કિશોરીઓ સક્ષમ બને, આત્મવિશ્વાસ કેળવે તથા કિશોરાવસ્થાને બરાબર સમજી શકે તે માટે નિયમીત પ્રવૃતિઓ યોજવામાં આવે છે. આ માસ દરમ્યાન ૨૧ વિસ્તારમાં ૪૮૯ બાળકો સાથ કિશોર-કિશોરી મંડળની પ્રવૃતિઓ યોજાઇ હતી.
- આ માસ દરમ્યાન નવા વિસ્તારોમાં ફિલ્ડવર્ક દ્વારા બાળકો અને વાલીઓનો સંપર્ક કરી બાલસેનામાં જોડાવા પ્રયત્નો કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત બાલસેનાની જુદી-જુદી ટીમોમાં કેપ્ટન, વાઇસ કેપ્ટન તથા વિવિધ પ્રવૃતિઓના જુથના સંયોજકોની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.
- ઓછા ખર્ચાળ અથવા બિન ખર્ચાળ રમકડાઓ કે જેનાથી વૈજ્ઞાનિક સિધ્ધાંતો શીખવા મળે તે માટે ૧૧, ૧૭ અને ૨૫ ઓગષ્ટના રોજ બાલસેનાના બાળકોને જાતે બનાવો અને શીખો પ્રકારે વૈજ્ઞાનિક રમકડાં બનાવવાના ત્રણ બાળમેળા યોજાયા હતાં, જેમાં ૩૪૪ બાળકોએ સહભાગી થયા હતા.
- દર વર્ષની જેમ આ વર્ષે પણ બાલસેનામાં પ્રથમ ટીમના સ્તર પર ચૂંટણીઓ યોજાયા પછી કાઉન્સીલની રચના દ્વારા અધ્યક્ષ-ઉપાધ્યક્ષની ચૂંટણી નિમિત્તે ૧૮ અને ૧૯ ઓગષ્ટના રોજ બાલસેના કાઉન્સીલના બાળ સભ્યોની શિબિર યોજાઇ હતી અને સમગ્ર પ્રક્રિયા-ચર્ચા દ્વારા અધ્યક્ષ તરીકે કુલસર વિસ્તારના ધો.૧૧માં અભ્યાસ કરતા કાર્તિક વાઢેરને તથા લાખાજીનગર વિસ્તારની કાજલ બારૈયા અને ચિત્રા વિસ્તારના હાર્દિક વેગડને ઉપાધ્યક્ષ તરીકે બાળકોએ ચૂંટી કાઢ્યા હતા. આ કાર્યક્રમમાં ૧૦૮ બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

  આ ઉપરાંત ૧૯ ઓગષ્ટના રોજ બાલસેના બચત પ્રવૃત્તિનો વાર્ષિક કાર્યક્રમ પણ બપોર પછી યોજવામાં આવ્યો હતો. જેમાં વાર્ષિક હિસાબી અહેવાલ આપવામાં આવ્યો હતા.

  આ પ્રસંગે ભાવનગરના સાહિત્યકાર-લેખક અને નાગરિક નિસ્બત ધરાવતા બાલદોસ્તની અને નિવૃત્ત બેંક અધિકારીશ્રી અજયભાઇ પાઠક ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કરી આશીર્વચન આપ્યા હતા.
- બાલસેનાના બાળકો - કદાચ એ ભાગ્યશાળી બાળકોમાં છે. જેઓએ ભારતના પ્રથમ ઐતિહાસિક રાષ્ટ્રધ્વજના દર્શન કર્યા છે ! આઝાદી પૂર્વે ફ્રાન્સના પેરીસ મુકામે એક આંતરરાષ્ટ્રીય આંદોલનમાં પ્રતિનિધિત્વ કરી રહેલા આપણા સ્વાતંત્ર્ય સેનાની અને વિચારકો પૈકીના શ્રી મેડમ કામા અને શ્રી સરદારસિંહજી રાણાએ રાષ્ટ્રધ્વજ તૈયાર કરી સંમેલનમાં ભાગ લીધો હતો. આ ઐતિહાસિક મૂલ્ય ધરાવતો રાષ્ટ્રધ્વજ શ્રી સરદારસિંહ રાણાના પૌત્ર શ્રી રાજેન્દ્રસિંહ રાણા (પૂર્વ સાંસદશ્રી)ના કુટુંબમાં વારસા તરીકે સચવાયેલા છે. તેઓશ્રીના તથા તેઓના પુત્ર શ્રી સર્વદમનસિંહજીના અમૂલ્ય સહયોગ વડે આ રાષ્ટ્રધ્વજ વિષે, શ્રી સરદારસિંહજી રાણાના ઐતિહાસિક યાગદાન વિષે ઓગષ્ટ ૭, ૮, ૯ અને ૧૦ તારીખ દરમ્યાન બાલસેનાના બાળકોએ મુલાકાત લઇ માહિતી મેળવવાની સાથ દર્શન કર્યા હતા. આ ઉપરાંત લોક વિજ્ઞાન કેન્દ્રની પણ મુલાકાત લીધી હતી.
- કુંભારવાડા વિસ્તારમાં આવેલા બાલસેનાના કેન્દ્રોના ૭૦ બાળકો સાથ ૫ ઓગષ્ટના રોજ બાળ અધિકારના મુદ્દા પર પ્રવૃત્તિઓ સાથ બાળમેળો યોજાયો હતો.
- બાલસેનામાં કિશોરવયના બાળકો સાથ કિશોરાવસ્થામાં તથા શારીરિક, માનસિક અને ભાવનાત્મક ફેરફારોને ધ્યાનમાં લઇ જીવન કૌશલ્યો અંગેની વિશેષ તાલીમો નિયમિત યોજાયોમાં આવે છે. આ ઓગષ્ટ મહિના દરમ્યાન ૧૮ અને ૨૫ તારીખના રોજ ૧૬૫ કિશોરો-કિશોરીઓ સાથ 'સ્વની ઓળખ' અને પોતાના મૂલ્યો અંગેની તાલીમ સંસ્થાના કાર્યકરો દ્વારા યોજવામાં આવી હતી.








## લોકશાળા

- જુલાઇ માસ દરમ્યાન લોકશાળામાં જોડાયેલ ધો. ૧ થી ૮ ના બાળકોના પ્રી ટેસ્ટ દ્વારા તેઓના શૈક્ષણિક સ્તર ચકાસવામાં આવ્યા હતા. હાલમાં રામદેવનગર તથા માઢીયા રોડ બન્ને લોકશાળામાં ૧૨૩ બાળકો જોડાયેલા છે.
- લોકશાળામાં મોટાભાગે દર શનિવારે બાલસભા યોજાતી હોય છે. આ માસ દરમ્યાન દેશભકિત ગીતો, ઉખાણા, ભજન, વાર્તા, યોગ જેવી પ્રવૃતિઓ બાલસભામાં યોજાઇ હતી. આ મહિનામાં ૩ બાલસભા યોજાઇ હતી. આ ઉપરાંત ૬ જુલાઇના રોજ બાળકોએ ફાયર બ્રિગેડને જોવા – સમજવા મુલાકાત લીધી હતી.
- વાલીઓ માટે ૨૫ અને ૨૬ જુલાઇના રોજ મીટીંગ યોજવામાં આવી હતી.